#068

Do You Want Easy Life ? 😃

Discipline એટલે શું?
“જે કરવું મન ન થાય છતાં જે કરવું જોઈએ – તે કરવું.”

જીવનમાં મોટાભાગના લોકો મોટા સપના તો જુએ છે, પણ તેને પૂરાં કરવા માટેની દૈનિક શિસ્ત (Discipline) રાખતા નથી.

સવારે વહેલા ઊઠવું જોઈએ – પણ મન કહે છે થોડી વાર વધુ ઊંઘી લઈએ.
અભ્યાસ કરવો જોઈએ – પણ મન કહે છે થોડી વાર મોબાઇલ જોઈ લઈએ.
મહેનત કરવી જોઈએ – પણ મન કહે છે આજે નહીં, કાલે કરીશું.

અને અહીં જ સફળ અને અસફળ લોકો વચ્ચેનો ફરક ઉભો થાય છે.

સફળ લોકો શું કરે છે?
તેઓ મન શું કહે છે તે નથી સાંભળતા,
તેઓ લક્ષ્ય શું કહે છે તે સાંભળે છે.

મિત્રો યાદ રાખો:
Motivation તમને શરૂ કરાવે છે,
પણ Discipline તમને અંત સુધી પહોંચાડે છે.

આથી આજથી નક્કી કરો –
મન કહે કે ન કહે…
જે કરવું જોઈએ, તે ચોક્કસ કરીશ.
કારણ કે…
Discipline આજે થોડું કઠિન લાગે છે,
પણ આવતીકાલે જીવન સરળ બનાવી દે છે.